

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આ તો છે સંન્યાસી, હવે કોને સત્તા સોંપશે ?*
*આ તો છે કુંવારો, હવે કોનો વંશ ચાલશે ?*
*લોકશાહી પણ લાડ લડાવે છે વારસાગત...*
*લ્યો ! બંધારણ હવે કોને આંગણે નાચશે ?*

**હાઈકુ**

*ઢોલ - નગારે*
*'વિજય' વાંસળીનો*
*દબાયો સૂર...*
*(નબળા રાજા...)*

*સ્વયંવરમાં,*
*મૂંઝાઈ વરમાળા -*
*ડોકાં અનેક...*
*(કોને ગળે પડું?)*

### ચિંતન

*જીવાત્મનો રનન્યત્વમભેદેન પ્રશસ્યતે ।*
*નાનાત્વં નિન્દ્યતે યચ્ચ તદેવં હિ સમજ્જસમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક 'અદ્વૈત પ્રકરણ' માંથી લેવામાં આવેલ છે.**

**જીવ અને આત્માના એકત્વ (અન્યત્વં) ની અભેદરૂપે જે પ્રશંસા કરાય છે તેમજ ભિન્નત્વ (નાનત્વં) ની જે નિંદા કરાય છે, તે આ પ્રમાણે યોગ્ય જ છે.**

**જીવાત્મા પરમાત્માની એકતાનું પ્રતિવાદન યુક્ત તર્ક અનુસાર તેમજ શ્રતિવાકયોને આધારે કરવામાં આવ્યું છે. શાસ્ત્રો અને વ્યાસાદિ મુનિઓએ ઐક્ય પ્રતિપાદન એક સૂરે વધાવી લીધું છે અને ખોટા તર્કો વિતર્કો કરીને જે લોકોએ નાનાત્વ/ભિન્નત્વની વાત કરી છે તેની સમાનરુપે નિંદા કરી છે.**

**શરીર-જીવ છે એ પરમાત્મા નથી શરીરને થતાં રોગો-ભોગો-વિલાસ સુખ-દુખ આત્માને થતાં નથી જીવને આત્મા આમ અલગ છે પણ જ્ઞાન દ્વારા આત્મા-મહાત્મા-પરમાત્મા થઈ શકે છે.**

### સુવિચાર

- રંક ને તો હોય, રાજાનેય દુઃખ હોય છે, કોણે કહ્યું કે સંસારમાં સુખ હોય છે - **રામુ ડરણકર**
- દુઃખરૂપી હકીકતનો બીજો છેડો (સુખ) શોધી કાઢવામાં નહિ પણ હકીકતને દુઃખને જોવામાં જ દુઃખનો અંત રહેલો છે - **કૃષ્ણમૂર્તિ**
- જીવન એ અજ્ઞાતની યાત્રા છે, ભૂતકાળથી ભરેલું મન નહીં પણ ખાલી મન એ યાત્રામાં ઉપયોગી છે - **શ્રી અરવિંદ**
- વર્ષાના આગમન કાળે કોયલે મૌન સેવવ્યું છે તે સારું છે કારણ કે જયાં દેડકાં વક્તા હોય ત્યાં મૌન જ શોભારૂપ છે - **જ્ઞાનસૂત્ર**
- તડકે અનાજ મૂકતાં જે લાભ થાય છે તે લાભ ભૂલ સ્વીકાર વડે ખુલ્લાં થતાં અનુભવાય છે, સ્મૃતિનો ખજાનો ખાલી કરશો, તેને તડકે મૂકશો, તો તમે શાંતિનો અનુભવ કરશો - **વિમલા ઠાકર**
- બોલો નહિ, કરો, ઘોષણા નહિ સિદ્ધિ - **શ્રી માતાજી**
- આજનું ઔષધ : સુખડના તેલને ચહેરા પર લગાવવાથી ચામડીની ગરમી મટે છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ગુરુ દ્રોણે શિષ્યોને પાઠ મોઢે કરવા આપ્યો. 'ક્રોધ, માકુરુ, ક્ષમા કુરુ' અર્થાત 'ક્રોધ કરશો નહીં, ક્ષમા કરજો'

સૌએ આ પંક્તિ યાદ કરી કંઠસ્થ કરી બોલી નાખી. એક યુધિષ્ઠિર ન બોલ્યો. ઘણો સમય પસાર થઈ ગયો પણ યુધિષ્ઠિરને યાદ રહ્યો નહીં. ત્યારે ગુરુ દ્રોણે કહ્યું, આ બે લીટીનો પાઠ યાદ કરવામાં આટલી બધી વાર ?' યુધિષ્ઠિરે હાથ જોડી ગુરુને કહ્યું, 'ગુરુજી મને આ પાઠ હજી યાદ રહેતો નથી.'

ગુરુ દ્રોણ અધીરા થયા... આવો હોંશિયાર છોકરો આટલી નાની પંક્તિ યાદ રાખી શકતો નથી અચાનક આ છોકરાની એકાગ્રતા કયાં ગઈ ? ગુરુ દ્રોણે સાંજે યુધિષ્ઠિરને બોલાવ્યો અને પાઠ યાદ ન રાખવા બદલ જોરથી તમાચો લગાવી દીધો. અને કહ્યું, 'શું હજી તને પાઠ નથી આવડતો ?'

એ જ ક્ષણે યુધિષ્ઠિરે કહ્યું, 'ગુરુદેવ ! હવે પાઠ સમજી ગયો છું અને શીખી ગયો છું.' અને તેણે પંક્તિ બોલી બતાવી.

ગુરુએ પૂછ્યું, 'વત્સ, તને પાઠ શીખતા કેમ વાર લાગી? એનું કારણ શું??'

યુધિષ્ઠિરે કહ્યું, 'ગુરુદેવ, આપે મને જે પંક્તિ કહી, એને ઊંડાણથી સમજવા માટે જયારે આપે તમાચો માર્યો ત્યારે મારા મનમાં બિલકુલ ક્રોધ કે ગુસ્સો ન હતો, માત્ર પ્રેમ અને ક્ષમા જ હતી. એ જ ક્ષણે મને પાઠ સમજાઈ ગયો.'

યુધિષ્ઠિરનો પાઠ શીખવાનો આ નવતર પ્રયોગ જોઈ ગુરુદ્રોણે આશીર્વાદ આપ્યા.

# હજુ પણ... જીતા વોહી સિકંદર

**તંત્રીસ્થાનેથી...**

આઝાદીની ચળવળના સૂત્રધાર મહાત્મા ગાંધીને એટલી તો ખબર હતી જ કે રાજકારણ બહુ જ બૂરી બલા છે. સત્તા પ્રાપ્ત કરવા માટે ખુદ એમના અનુયાયીઓ અનૈતિક રસ્તા અપનાવશે એવી દહેશતને લીધે જ એમણે કોંગ્રેસની પૂર્ણાહૂતિનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. એમની એ દહેશત કાળ ક્રમે સાચી ઠરી છે. કોંગ્રેસ સામે ઝઝૂમતાં નવા રાજકીય પરિબળોએ કોંગ્રેસના જ વખારે નંખાયેલા મહાનાયકો સુભાષચંદ્ર બોઝ અને સરદાર પટેલને પોતાના હીરો બનાવી દીધા. એટલું ઓછું હોય એમ પંડિત જવાહરલાલ નહેરુને મહાનાયકમાંથી ખલનાયક બનાવી દેવા સુધીની કુટિલ રાજનીતિ કરી. પ્રજાએ ઈતિહાસનું અવગાહન કરવાની ફુરસદ નથી હોતી. એ તો ઘેટાનું ટોળું છે. દોર્યું દોરવાય છે. ભલે પછી એની પ્રશસ્તિમાં આપણે મીઠાંમધ પ્રાસાદિક વચનો ઉચ્ચારતા રહીએ અને 'યે પબ્લિક હૈ સબ જાનતી હૈ' જેવાં ગીતો લલકારતા ફરીએ. આ પ્રજાએ રાજા રામચંદ્રજી સામે પણ શંકાકુશંકા કરી હતી. એ રાજવીને પોતાની પ્રાણપ્રિયા જીવનસંગિનીનો પરિત્યાગ કરવા મજબૂર કર્યા હતા. ગુજરાતની ચૂંટણી જીતવા માટે બેઉ મુખ્ય રાજકીય પક્ષોએ મૂલ્યો નેવે મૂકવામાં કોઈ જ કસર છોડી નથી. કોંગ્રેસે પોતાના સાચા કાર્યકરોને હાંસિયે ધકેલી આભાસી વિજયના મૃગજળ પાછળ દોટ મૂકી છે. એણે હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણીના જાતિવાદ સંગઠનના જોર પર ચૂંટણી જીતી જવાશે એવા હવાઈ કિલ્લા બાંધ્યા હતા જે એક પછી એક ચૂંટણીની તારીખ આવતાં સુધીમાં કડડભૂસ કરતાક ધરાશાયી થઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના વ્યૂહરચનાકારોને નવો પડકાર ઝીલવાના કીમિયાગીરી શીખવવી પડે એમ નહોતી. એ સોળે સોપારા ભણેલા હતા. એમને જ્ઞાતિ-સમીકરણો માંડવાનું શીખવવું પડે એમ નહોતું. વળી અડૂક દડૂકિયા યુવાન નેતાઓને હાથ ઉપર લેવાની કળા પણ એમની પાસે હતી. ધાર્મિક પ્રતિષ્ઠાનોના ચોપડા ચોખ્ખા જ હોય એવું એ થોડા માને ? યુવાનેતાઓ અને ધાર્મિક પ્રતિષ્ઠાનોના આગેવાનોને પોતાની પાંખમાં લેવા અને એ શક્ય ન બને તો ટાઢા પાડી દેવામાં સત્તાધારી પાર્ટી મહદંશે સફળ થઈ છે. કોંગ્રેસ માટે આ મોટી લપડાક છે. આવાં ઊભડક તત્ત્વો પર આધાર રાખીને ચૂંટણી જીતવા નીકળવાની ભૂલ એને ભારે પડી શકે છે. શી ખાતરી કે મણિશંકર ઐયર દ્વારા બરાબર ચૂંટણીની પૂર્વ સંધ્યાએ કરવામાં આવેલ નિવેદન પણ સત્તાધારી પાર્ટીના ઈશારે નહીં કરાયું હોય ? જે થોડા લોકો મોદી-શાહની ચાણક્ય ચાલને બરાબર સમજી શકે છે એ તો ઐયરના નિવેદનને પણ રાહુલ ગાંધીના ઉદયને ડામવા મથતી કૂટનીતિની જ પ્રતિક્રિયા સમજશે. દિનેશ બાંભણિયાને છેક છેલ્લા દિવસે પાટીદારો માટે કોંગ્રેસ કશું જ નક્કર નહીં કરી શકે એવું બ્રહ્મજ્ઞાન થયું એની પાછળ પણ આવી જ કૂટનીતિ હોઈ શકે છે. એક પછી એક રાહુલ ગાંધીના કોંગ્રેસી ગઢના કાંગરા ખેરવી દઈ મતદાનના દિવસે બૂથ મૅનેજમેન્ટથી લઈ મશીન મૅનેજમેન્ટ સુધીની વ્યૂહરચનામાં કોંગ્રેસ શાસક પાર્ટીને પહોંચી વળશે ખરી ? લગભગ અશક્યવત એવી આ ગોલાલડાઈમાં આખરે પ્રજા સાથે આ પ્રકારની છેતરપીંડી બેઉ મુખ્ય પક્ષોએ વિધવિધ સ્વરુપે અને પોતપોતાના ગજા પ્રમાણે કરવાની જાણે કે હોડ મચી છે ત્યારે પ્રજાકીય પ્રશ્નો માટે ઝઝૂમતો સાચો નેતા કોણ છે એ પ્રશ્નનો જવાબ તો અધ્યાહાર જ રહે છે!

# ઘૂંટણનો અસહ્ય દુઃખાવો - synovitis

**આરોગ્ય-દર્શન**

ડો. શ્રીરામ જી વૈદ્ય

*મણકો – ૩*

ઉપચારો :

મારી ચિકિત્સામાં અલગ-અલગ દર્દીને પ્રકૃતિ રોગની અવસ્થા સાથે જુદા જુદા ઔષધોનું આયોજન કરું છું. સામાન્ય રીતે વાંતવિધ્વંસ, રસ, એકાંગવીર રસ, વાતચિંતામણી રસ, મલસિંદૂર, મહા યોગરાજ ગૂગળ, ગોક્ષરાદિ ગુગળ, સિંહનાદ ગુગળ તથા મહારાસ્નાદિ કવાથ સાથે તૈયાર કરેલ એરંડ તેલ જેને અમારે ત્યાં વાતારિતેલના નામની ઓળખાય છે, જેનો ઉપયોગ હું મારી પ્રેક્ટીસમાં સવિશેષ કરું છું.

આ રોગની કોઈ પણ અવસ્થામાં રેતીનો શેક, વાતહર વનસ્પતિઓનું સ્વેદન, વાતહર લેપો તથા સૂર્યનાં કિરણો સતત લાભકારી મને જણાયા છે. અહિં હું આજે ઘણા બધા અક્ષીર ઉપાયોમાંથી અમુક ઉપચારોનું વર્ણન કરીશ કે જે હું મારા ચિકિત્સાલયમાં વાપરવાથી સુંદર પરિણામો મેળવું છું.

● રાસ્નાસપ્તક કવાથનો ૨૦ ગ્રામ ભૂકો, નગોડના ૧૪ પાન, સૂંઠ એક ટૂકડો, લસણ ૧૪ કળી, નગોડ અને લસણ કળીની ચટણી બનાવી લઈ, કવાથ ભૂકામાં મેળવી ૧૬ ગળા પાણીમાં ઉકાળી ૪થા ભાગનું પાણી બાકી રહે ત્યારે ગાળી સવારે નરણા કોઠે પીવું.

● અશ્વગંધા ચૂર્ણ ૫ ગ્રામ, સૂઠનું ચૂર્ણ, ચોપચીની ચૂર્ણ ૫ ગ્રામ, સારી રીતે મેળવી બે ભાગ કરવા. સવાર સાંજ ૧-૧ પડીકું સૂંઠના પાણી સાથે લેવું.

● ઔષધોમાં બૃ. વાતચિંતામણી, જીવિતપ્રદાવતી, ચંદ્રપ્રભાવટી, નારાયણ તેલની માત્રા બસ્તિ.

● લગાવવા માટે વિષગર્ભ તેલ, નારાયણ તેલ સાથે ઉપયોગમાં લેવું. રેતીનો શેક કરવો.

● અનુભૂત મિશ્રણમાં રસમાણેક ૧૨૦ મિ.ગ્રા. ગુડુશ્યાદિ લોડ, ૨૪૦ મિ.ગ્રા, કિશોર ગુગળ ૧ ગ્રા, બે પડીકા બનાવી સવાર સાંજ લેવા. ગળો ૨૦ ગ્રામ (લીલી) ચરી ૧ કપ પાણીમાં ઉકાળી, ગાળી પડીકી ઉપર સવાર સાંજ પીવું.

● આહાર યોજનામાં ગરિષ્ઠ, ખાટાં, તીખાં દ્રવ્યો, ઉજાગરો બેઠાણું જીવન શીત આહાર વિહાર ત્યજવા જોઈએ. વજન ઘટાડવું, યોગ્ય વ્યાયામ કરવું. હલકો ખોરાક પાચન આસાનીથી થઈ શકે તેવો જ લેવો.

ઘૂંટણનો અસહ્ય દુઃખાવા મટાડવા માટેની આમવાતહર શોથહર વેદનાહર ટીકડી :

શુદ્ધ ગુગળ ૧૨૦મી.ગ્રા. સુવર્ણભસ્મ ૧.૨ મી.ગ્રા, ત્રિભંડી ૩૦મી.ગ્રા. સુરંજાતશીરી ૧૫ મી.ગ્રા, હિરાબોધ ૧૫ મી.ગ્રા, શુકારઠર ૩૦ મી.ગ્રા. લસવા ૩૦ મી.ગ્રા. ચંદ્રોદય ૩૦ મી.ગ્રા

આયુર્વેદનું કથન છે કે, 'વાયુના પ્રકોપ વગર પીડા થતી નથી.' વિકૃત બનેલો વાયુ વૃદ્ધિ પામી આમ રક્ત સાથે મળી શરીરના જે જે ભાગમાં વાતહર દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે દ્રવ્યો વિશેષ અસરકારક બને તે માટે ચંદ્રોદય અને સુવર્ણભસ્મનું સૌમ્ય પ્રમાણ આ યોગમાં યોજવામાં આવ્યું છે. જેથી તેની અસર ખૂબ જ ઝડપી બને છે. ગુગળ વાતરોગનું પ્રમાણિત ઔષધ છે. એટલું જન હિ પણ તેનો પ્રભાવ વાતહર શોથહર વેદનાહર ઉપરાંત નાત સંસ્થાન મટાડી નાડી સંસ્થાનને બળ પ્રદાન કરે છે. ગુગળ સાથેના અન્ય દ્રવ્યો જેવા કે લસણનો વાતહરગુણ, સુરંમનનો સંધીવાતહર ગુણ, હીરાબોળનો પીડાશામક ગુણ, કારસ્કટનો નાડી સંસ્થાન ઉપરનો પ્રભાવ તથા ત્રિભંડીનો આમઃદોષ નિવારણ ગુણનો સુમેળ આ ટીકડીમાં કરવામાં આવ્યો છે. જેનું સેવન વાતરોગ માટે અનુભવે એક પ્રભાવી ઔષધ જણાયું છે. પાશ્ચાત્ય વૈદકમાં વાતજન્ય વ્યાધિઓને જ્ઞાનતંતુ સાથે સંબંધ છે તેમ મનાય છે. જયારે આયુર્વેદના મત મુજબ ગાનતંતુઓના દરદી વાતરોગમાં જ આવે છે. જેથી વાતજન્ય તેમજ જ્ઞાનતંતુઓ સાથે સંબંધિત વાતરોગમાં આ ટીકડી લાભપ્રદ ઔષદ પુરવાર થયું છે. આ ટીકડી ઘૂંટણનો વા, સંધીવા, કટી શૂળ, સાયટીકા, સ્નાયુ સૂળ આમવાત વગેરે વાતજન્ય વ્યાધિઓમાં લાભપ્રદ છે.

# પરિષદ, પરંપરા અને પરિવર્તન : એક નવા યુગના મંડાણ?



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી સાહિત્ય પરિષદના ઈતિહાસમાં વર્ષ– ૨૦૧૭ હંમેશાં યાદગાર રહેશે. કારણ કે આ વર્ષે ઘણાબધા નવા ફેરફારો–પરિવર્તન આવ્યા છે. રા.રા. રણજિતરામ વાવાભાઈ મહેતાએ પરિષદની કરેલી સ્થાપનાથી લઈને આજસુધીની પરંપરા એક પરિપાટી પર ચાલતી આવી હતી. જેમાં આ વખતે મોટેભાગે પરિવર્તન આવ્યું છે. એ એક શુભ સંકેત છે. અને એના જોખમો પણ એટલા જ છે. પરિષદ એના જન્મથી આજસુધી સાહિત્યકારોની રહી છે. પ્રજાની રહી છે. અને આપણી ભાષાના ઉત્તમ સર્જકોએ આ સંસ્થાને ગૌરવ આપ્યું છે. ગુજરાતીભાષાની શ્રેષ્ઠ સંસ્થા બનાવી છે. આ સંસ્થાના આજીવન સભ્ય હોવું એ કોઈપણ વ્યક્તિ માટે ગૌરવની વાત છે. ૧૧૨ વર્ષે પણ આ સંસ્થાની ગરિમા અખંડિત રહી છે. કારણ કે એના સૂત્રધારોએ નિષ્ઠાપૂર્વક કરેલો પરિશ્રમ છે.

આ વખતની ચૂંટણીએ ઘણા સત્યો પણ પ્રગટ કરી દીધા છે. શ્રી નરેન્દ્ર મોદીનું સાહિત્ય પરિષદના રાજકારણ સંદર્ભનું કેટલાક વર્ષો પહેલા બોલાયેલું વાક્ય "હું તો લિમિટેડ પોલિટિક્સનો માણસ છું.સાહિત્યમાં મારું કામ નહીં" આ વાક્ય પણ સાચું લાગ્યું. કેમ કે દેશની રાજનીતિમાં તો ખબર તો પડે કે આ કોંગ્રેસમાં છે અને આ ભાજપામાં. અહી તો આપણે કોઈને સહેજેય કળી જ ના શકીએ. વર્ષોથી આપણી સાથે ફરતા હોય, દરરોજ મળતા હોય, સાથે ચા પાણી પીતા હોય કે જમતા હોય એ જ વ્યક્તિથી અંદરથી અન્ય કોઈની સુચનાથી આપણને હરાવવા મથતી હોય. બહાર ખુબ જ સંસ્કારી ભાષા વાપરે, ખુબ જ ડાહ્યી ડાહ્યી વાતો કરે, પદની કોઈ લાલસા નથી, અહીં બધા જ મિત્રો છે, કોઈપણ જીતે શું ફરક પડે ? બધા આપણા જ છે ને ? આપણા સૌની વિચારધારા એક જ છે, સંસ્થાની ગરિમા વધારવા સૌ કટિબદ્ધ છીએ.... વગેરે વગેરે વાતો કરતા. ઘણાય તો અંદરથી એકબીજાની ટીકા કરીને, સામસામે બેસીને, હું ચૂંટાઈશ તો તમારો લેખ છાપીશ કે પુસ્તક પ્રગટ કરાવીશ કે પુરસ્કાર કે વ્યાખ્યાન કે સંપાદન કે સંચાલન જેવી બાબતો પણ સાંભળવા મળી છે. તો વળી પરિષદ ઉપર પોતાનું વર્ચસ્વ હેમખેમ રહે એ માટે કેટલીક ખાસ વ્યક્તિને હરાવવા પણ કેટલીક ખાસ વ્યક્તિઓને એમની સાથે ભેળવી દઈને એમની બધી જ વ્યૂહરચના જાણીને એક એક મત અંકે કરાયાનું પણ આ પરિણામો દર્શાવે છે. કોઈ સંસ્થાના નામે, જ્ઞાતિના નામે પ્રચાર કરતા હોવાનું જણાવીને ઘણાને ગેરમાર્ગે દોરીને ધાર્યું પરિણામ મેળવાયું છે. સત્તા અને નજીવા સ્વાર્થ માટે મેરિટ અને મૂલ્યનિષ્ઠતાને સાઈડ પર કરવામાં આવ્યા છે. એવું પણ કેટલાક સભ્યો ચર્ચી રહ્યા છે.

પરિષદની આ પ્રમુખની અને કારોબારીની ચૂંટણીમાં અકાદમીની સ્વાયત્તતાનો મુદ્દો પણ ચર્ચામાં રહ્યો છે. જો કે હવે આ મુદ્દામાં મોટાભાગનાને રસ નથી પણ જાહેરમાં કોઈ બોલી શકતું નથી. કેમ કે એક તો કાંઈ થવાનું નથી અને નાહકનું સરકાર સામે પડવું ને ? આવું મોટાભાગના માને છે. વળી અકાદમી સ્વાયત થાય કે ના થાય એમાં પરિષદને શું ? પરિષદ પાસે બીજા અનેક કામો છે. અને આપણે માનીએ છીએ કે આપણા પૂર્વ શબ્દસૂરિઓ આ સ્વાયત્તતાનું બીજ આપણા માનસમાં રોપતા ગયા છે. પણ હવે એ વાતને આજે વર્ષો વિતી ગયા છે. એક બે પેઢી અને યુગ બદલાઈ ગયો છે. સર્જકો, સરકારો અને વિચારધારાઓ બદલાઈ ગઈ છે. આ તો આપણી પડોશમાં રહેતા ઘરના ઝગડામાં આપણે ન્યાયધીશ બનીએ એવી વાત થઈ. જે સંસ્થા સરકારે બનાવી છે. જેના બધા જ કર્મચારીઓની નિમણુંક સરકાર દ્વારા થાય છે. બધાને પગાર સરકાર ચૂકવે છે. અને જે તે વખતની સરકારના મુખ્યમંત્રી જે તે સમયના આપણા વરિષ્ઠ સાહિત્યકારની વાત માનીને અકાદમીને સ્વાયત બનાવી. પછી સરકાર અને સાહિત્યકાર બધુ જ બદલાઈ ગયું. અને નવી સરકારોને એ વાત યોગ્ય ના લાગી તો એમની રીતે એ અકાદમીને ચલાવતા હોય તો આપણા બાપુજીનું શું જાય છે ? મને (આપણને સૌ ને) તો આ બે ત્રણ વર્ષમાં એટલી ખબર પડી કે સમાજની સામે સાહિત્યકારોની ઈજ્જત બગડી છે. સમાજના જે લોકો સાહિત્યકારોને જે સન્માનની નજરે જોતા હતા તે હવે નથી જોતા. ગુજરાતની બે સૌથી મોટી સાહિત્યિક સંસ્થાના ઝગડાની વાત બહાર આવી. અને છેક કોર્ટ સુધી મામલો ગયો. છતાંય પરિણામ ? ઝીરો. ઉપરથી "સાહિત્યકાર" પદની ગરિમા ઝાંખી થઈ એ નફામાં.

જ્યારે આજે હવે વૈશ્વિક સંસ્કૃતિને સ્વીકારવાનો યુગ આવ્યો છે ત્યારે આપણે આપણી વ્યક્તિગત કે બે પાંચ વ્યક્તિઓએ બનાવેલી જુની વિચારધારા પકડીને ક્યાં સુધી પરિણામ વિનાનું યુદ્ધ લડ્યા કરવું ? અને એ પણ શક્તિશાળી સરકાર સામે ? પડોશી ઘરમાં ઝગડાઓ થતા હોય તો એમને સમજાવવા જવાય પણ એ ના માને તો એમના માટે આપણું ઘર બદનામ થાય એવું ના કરાય. આ સ્વાયત્તતાના મુદ્દાને કારણે આ વખતે ઘણા સારા સરકાર સાથે રહીને કામ કરતા સાહિત્યકારો ચૂંટણી જ નથી લડ્યા. કેમ કે તેઓ માને છે કદાચ ચૂંટણી જીતીએ અને કોઈ હોદેદાર બનીએ તો આપણી વ્યક્તિગત સ્વાયત્તતાનું શું ? વળી અહીં જે સર્જકો પૂર્ણ બહુમતિથી ચૂંટાયા છે તેઓ પોતપોતાના સર્જનકર્મથી ચૂંટાયા છે. તો પછી એ સર્જકને આપણે કેવી રીતે કોઈ એક વિચારધારામાં બાંધી શકીએ ? એ પોતાની રચના ગમે ત્યા છપાવી શકે, એ ગમે ત્યા કવિ તરીકે કે સર્જક તરીકે કાવ્યપાઠ કે વક્તવ્ય આપવા જઈ શકવો જોઈએ. કેમ કે ચૂંટાયેલ સભ્ય હોદેદાર ૨૪ કલાક હોદેદાર નથી હોતો. એ સર્વપ્રથમ સર્જક છે. એ જ્યા જાય છે ત્યા સંસ્થાના હોદેદાર તરીકે નહી પણ સર્જક તરીકે જાય છે. આ વાત આપણે સૌ કેમ નથી સમજી શકતા ? એ જ મને નથી સમજાતું ? કોઈ આપણને સળગતું પકડાવી ગયું હોય તો એ આપણે આપણો હાથ સળગે ત્યા સુધી પકડી જ રાખવું એવું કોણે કહ્યું ?

ખૈર જવા દો આ મુદ્દો, હું જાણું છું ઘણા વરિષ્ઠોને આ વાત નહી ગમે ? પણ પહેલા ૨૫ વર્ષે યુગ બદલાતો હતો જ્યારે આજે પાંચ વર્ષે તો યુગ બદલાઈ જાય છે. દર છ મહિને ટેકનોલોજી બદલાઈ જાય છે. અને આપણે...એ જ શ્રી ઉમાશંકર જોશીને નામે સ્વાયત્તતાનું સળગતું લઈને ... અકાદમી પણ સાહિત્યનું કામ કરે છે. ઉત્તમ પ્રકાશનો કરે છે પુરસ્કારો આપે છે. અને સર્જકો દ્વારા ચાલે છે તો પછી એક પ્રમુખની નિમણુંકને લઈને ...? માનનીય શ્રી સિતાંશુભાઈએ જ વર્ષ– ૨૦૧૪નો અકાદમીનો ગૌરવ પુરસ્કાર માન.મંત્રીશ્રી અને રાજ્યપાલશ્રી અને શ્રી ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં સ્વીકાર્યો જ છે.

હવે જો સૌની પોતાની વ્યક્તિગત વિચારધારાના વહેણને વિરામ અપાશે અને પરિષદના વિકાસ માટે કંઈક નક્કર કાર્ય થશે તો સમાજમાં પણ સર્જકોની ગરિમા વધશે. પૂર્ણ બહુમતિથી એક નવી પેઢી તૈયાર થઈ રહી છે ત્યારે એને સંસ્થાગત વેરઝેરના વિષ પાયા વિના પ્રેરણાના પિયૂષ પીવડાવવાની જરૂર છે. જેથી નવી પેઢી જુનું ભૂલીને નવું શીખે. બન્ને સાહિત્ય ક્ષેત્રની મોટી સંસ્થાઓ છે. બન્ને સાથે મળીને કામ કરે એવી અભ્યર્થના.

9426060601.india@gmail.com

# બીટકોઈન : આભાસી ફુગ્ગો કે કરન્સીનું ફ્યુચર?



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

સાલ ૨૦૧૫...સ્થળ : દિલ્હી જગતભરના ૩૩ દેશોની ચુનિંદા સુરક્ષા હોનહાર અધિકારીઓ દિલ્હીમાં ભારતીય સીબીઆઈના આંગણે જમા થાય છે, કોન્ફરન્સ નો મુખ્ય હેતુ છે જગતભરમાં ચાલતા આતંકવાદમાં વપરાતા પૈસાઓનું મૂળ શોધવાનું અને એને બંધ કરવાનું. પેરીસમા આતંકવાદી હુમલો હજુ તાજો જ થયેલો અને એકઠા થયેલા લગભગ દરેક ઓફિસરની વાતનો એક જ મુદ્દો હતો કે આતંવાદી ફંડિંગ ને રોકવું. આતંકવાદને રોકવાના બીજા ઉપાયોની સાથે સાથે એક વાત એ પણ સામે આવી કે મોર્ડન જમાનાના ત્રાસવાદીઓ પૈસાનું ફંડિંગ પણ આધુનિક રીતે કરતા થઈ ગયા છે અને એમાંનું એક આધુનિક સ્વરૂપ છે 'બીટકોઈન' મા લેવડ-દેવડ...! 'બીટકોઈન 'એ બીજું કઈ નહિ પણ એક પ્રકારનું હવાલા કૌભાંડ જ છે કે જેમાં અદ્રશ્ય કરન્સીની મારફત ડ્રગ્સ અને હથીયારો કે ત્રાસવાદીઓને ફંડિંગ પૂરું પડાય છે. આજે 'બીટકોઈન' બીજા જ કારણોસર ચર્ચામાં છે...! આ લખાય છે ત્યારે એક 'બીટકોઈન' ની કિમત લગભગ ૧૫ હજાર ડોલર મતલબ કે ભારતીય ચલણમાં લગભગ ૧૦ લાખ રૂપિયા છે...! ચોંકી ગયા ને ? જગતભરમાં હાહાકાર મચાવી દેનાર અને ખુબ જ ટૂંકા ગાળામાં છવાઈ જનાર આ અદ્રશ્ય કરન્સીના ઉતાર ચઢાવ ને લીધે સ્વાભાવિક પ્રશ્ન થાય કે શું છે આ કરન્સી ? કોણ છે આ બીટકોઈન? આવો જાણીએ જગતની આ લેટેસ્ટ વિનિમય પદ્ધતિ પર.

વસ્તુઓના વિનિમય અને સમાજવ્યવસ્થા મુજબ માનવીને વિનિમય માટે એક ચોક્કસ ચલણ કે નાણાના સ્વરૂપની જરૂરીયાતનો ખ્યાલ પાષણ યુગથી જ આવી ગયેલો. વિશ્વમાં વ્યાપાર માટે, વસ્તુઓની ખરીદ વેચાણ માટે, આપ – લે માટે દરેક દેશનું એક ચોક્કસ નાણું અમલમાં છે જેને આપણે કરન્સી કહીએ છીએ. પથ્થરના ચલણથી શરુ કરેલી આ નકદ નારાયણની યાત્રા ચામડા, તાંબા, ચાંદી અને સોનાના ચલણો સ્વરૂપે વિકાસ પામ્યા અને ત્યાંથી કાગળની નોટો અને મેટલના સિક્કા પછીથી ૨૦ મી સદીમાં આ કરન્સીના કકળાટમાં ક્રેડીટ કાર્ડ/ડેબિટ કાર્ડ અને પ્લાસ્ટિકમનીના સ્વરૂપે વધુ એક આધુનિક ઉમેરો થયો ૨૦૦૮ સુધી તો આ પેપર, મેટલ ને પ્લાસ્ટિક મની કે કરન્સી નો દબદબો યથાવત રહ્યો અને હજુ પણ છે જ પણ ૨૦૦૮માં આવી એક નવી અને કૈક અંશે વિચિત્ર કહી શકાય એવી કરન્સી અને એ હતી બીટકોઈન!

અસલમાં બીટકોઈન એ બીજું કઈ નહિ પણ એક પ્રકારની ડીજીટલ કરન્સી છે. કોમ્પ્યુટરની ભાષામાં કહીએ તો એ એક સોફ્ટવેર છે. ૨૦૦૮ કે ૨૦૦૯માં સાતોશી નાકામોટા જેવું ઉપનામ ધરાવતા એક જાપાનીઝ ભેજાબાજે આની શરૂઆત કરેલી. શરૂઆતમાં બિટકોઈન ડોટ ઓઆરજી નામની વેબસાઈટમાં જઈને તેનો પ્રોગ્રામ ડાઉનલોડ કરવો પડે છે અને આ પ્રોગ્રામમાં ઉપયોગમાં લેવાયેલી ડીજીટલ / સાંકેતિક પદ્ધતિને સંપૂર્ણ રીતે ઉકેલવાની હોય છે. તેને ઉકેલી શકે તેને અમુક બિટકોઈન પુરસ્કારરૂપે મળે છે. જે પ્રોગ્રામ ડાઉનલોડ કર્યો હોય તેના ડિજિટલ ખાતામાં તે જમા થઈ જાય છે ડાઉનલોડેડ પ્રોગ્રામમાં તેના ઉકેલનારનું એડ્રેસ અને પાસવર્ડ જનરેટ થાય છે. બિટકોઈન આ એડ્રેસમાં જમા થઈ જાય છે. આ આખી પ્રક્રિયાને માઈનિંગ તરીકે ઓળખવામાં આવે છે મતલબ કે વેપાર શરુ. હવે તમે બિટકોઈન ના માલિક છો તમે એને કરન્સી તરીકે યુઝ કરીને ખરીદ વેચાણ કરી શકો છો. શેરબજારની જેમ બિટકોઈનની હેરાફેરી કરી શકાય છે. લઈ શકાય છે અને વહેચી શકાય છે. પણ ડીજીટલ કરન્સી હોવાને લીધે અને તેનું કોઈ સ્વરૂપ ના હોવાથી એ જે તે વ્યક્તિના ખાતામાં જ જમા થયેલી રહે છે અને એટલે જ બિટકોઈનને ક્રિપ્ટો કરન્સી પણ કહે છે કેમકે આ આખી પ્રક્રિયામાં ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ સેફ્ટીના સંદર્ભમાં થાય છે. આની મદદથી ખાતાધારીની માહિતી અને ખાતું સુરક્ષિત રખાય છે. બિટકોઈનના વ્યવહારમાં સ્પેશ્યલાઈઝડ કોમ્પ્યુટરોનો ઉપયોગ કરાય છે અને આ પેમેન્ટ કરી આપનાર ને 'માઈનર્સ '.

ધીરે ધીરે આ અદ્રશ્ય કરન્સીની લપેટમાં આખું વિશ્વ આવતું જાય છે અને તાજેતરઓમાં બીટકોઈન મા આવેલા ઉછાળા પછી અચાનક બધાની જીભે અને આંખે આ નામ ચડી ગયું છે. ૨૦૧૧મા જેનું મુલ્ય માંડ ૧ ડોલર હતું તે આજે લાખો ડોલરની કીમત બતાવે તો આંખો પહોળી જ થાય ને ? પણ વેઈટ બીટકોઈનમા દેખાય એટલું સોનું નથી...!!! જી હા, આજે ભલે ને બીટકોઈન કુદકે ને ભૂસકે ઉછળતી હોય પણ બીટકોઈનના ભયસ્થાનો પણ એટલા જ છે. સૌથી પ્રથમ તો એના પર કોઈ નાણાસંસ્થાનું નિયંત્રણ નથી એટલે મન પડે એટલો ફુગાવો કે ગિરાવટ આવી શકે છે. જાપાનમાં હેકિંગ કરીને ૯ લાખ બીટકોઈનની ચોરી થયેલી એવા બનાવ વખતે કોઈ હાથ પકડવાવાળું ના હોવાથી આ આભાસી મુદ્રા ચોરાઈ જાય તો માથે હાથ મુકીને રોવાનો વારો પણ આવી શકે છે. બીટકોઈનનો વેપાર એ એક પ્રકારના સટ્ટા જેવું જ છે અને અમુક જ લોકોના હાથમાં હોવાથી સટ્ટાખોરી ને જન્મ આપે છે જેને લીધે બીટકોઈનની કિમતોમાં આસમાની–સુલતાની થવાની શક્યતા રહેલી છે જો કે શક્યતા શું આ જુવોને જાન્યુઆરી ૨૦૧૩ માં ૧૩ ડોલરના ભાવ વાળો બીટકોઈન અત્યારે લાખો ડોલરમાં પહોચી જ ગયો ને ?

ભારતમાં વર્ષે લગભગ ૧૦ થી ૨૦ હાજર કરોડ રૂપિયાનું બીટકોઈન ટ્રેડીંગ થાય છે. પણ ચોક્કસપણે આ રોકાણ કરવા યોગ્ય નથી જ એનો પરચો બીટકોઈનમા આવતી ગિરાવટથી થઈ જાય છે. જો કે એક અહેવાલ મુજબ ભારતમાં બીટકોઈન એકાઉન્ટ હોલ્ડરની સંખ્યા પાંચ લાખ જેવી છે. આરબીઆઈ અને સરકારની ચેતવણી છતાં આમાં રોકાણ કરનારાઓ વધતા જાય છે એવામાં વિશ્વાસઘાત, છેતર પીંડી અને સુરક્ષા જેવા મહત્વના મુદ્દાઓનો જો કોઈ વ્યવસ્થિત અને પરફેક્ટ ઉકેલ મળી જાય તો ચોક્કસપણે બીટકોઈન એ આવતીકાલની ઉજળી કરન્સી બની રહશે એવું મોટાભાગના નિષ્ણાતોનું માનવું છે.

વિસામો :

બીટકોઈનની વેલ્યુએશન ૧૯૦ બિલીયન ડોલર છે જે કટાર, કુવૈત, હન્ગ્રી જેવા દેશો અને બોઈંગ જેવી વર્ષો જૂની કંપનીના વેલ્યુએશન કરતા પણ વધુ છે ..!